# બી.એડ્. કોલેજની પ્રશિક્ષણાર્થી બહેનોની સમસ્યાઓનો અભ્યાસ

**Mr.Digvijay J. Makvana**
Assistant Professor
Smt. S. J. Sabva Shikshan Mahavidyalay
Botad.

Received Nov. 30, 2014 Accepted Dec. 14, 2014

**ABSTRACT** દરેક અભ્યાસક્રમમાં વ્યકિતને સમસ્યાઓ નડતી હોય છે. પણ તેમાય સ્ત્રીઓને કંઈક વિશેષ નડતરરૂપ થાય છે તે સમસ્યાઓ જાણવા સંશોધકે બી.એડ્.ની પ્રશિણાર્થી બહેનોની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો. આ અભ્યાસનાં હેતુઓમાં બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની વ્યવસ્થાકિય સમસ્યાઓ, શૈક્ષણિક સમસ્યાઓ, આર્થિક સમસ્યાઓ અભ્યાસ કરવાનો હતો. પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું વિશ્લેષણ ગુણાત્મક રીતે કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસનાં તારણોમાં મુખ્યત્વે બી.એડ્. કોલેજમાં જરૂરી શૈક્ષણિક સાધનોનો અભાવ જોવા મળ્યો હતો.

***Key words*** : સમસ્યા.

## પ્રસ્તાવના :–

ભારતીય સમાજ વ્યવસ્થામાં સ્ત્રીઓનો દરજ્જો નિમ્ન દર્શાવવામાં આવે છે. ભારતમાં તેમની ગણતરી વંચિત જૂથો તરીકે કરવામાં આવે છે. આમ, તો દેશની અડધો અડધ વસ્તી સ્ત્રીઓની છે, પરંતુ ૨૧ મી સદીના પ્રારંભે પણ તેઓ શિક્ષણ, સ્વાસ્થ્ય અને વ્યવસાયમાં તેમનો દરજ્જો નિમ્ન આંકવામાં આવ્યો છે. વર્તમાન સમયમાં પુરૂષોની સરખામણીએ સ્ત્રીઓની ઘટતી જતી સંખ્યા સમાજમાં સ્ત્રીઓનું સ્થાન સમજાવવા માટે મહત્વનો માપદંડ છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તી બાદ ભારતમાં પ્રાથમિક શિક્ષણને મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું છે. તેને પગલે પ્રત્યેક ગામમાં પ્રાથમિક શાળા હોય અને સૌને વાંચતા–લખતા આવડે તે આધુનિક ભારતનો મહત્વનો આદર્શ રહયો. જો કે આજે ૨૧મી સદીનાં પ્રારંભે પણ દેશ સંપૂર્ણ સાક્ષર બની શકયો નથી. સૌથી વિશેષ મહત્વની બાબત એ છે કે, આજે પણ દેશની ૫૦% સ્ત્રીઓને લખતા–વાંચતા આવડતું નથી. વર્ષ ૨૦૦૧ની વસ્તી ગણતરી પ્રમાણે રાષ્ટ્રીય સ્તરે સાક્ષરતાનું પ્રમાણ ૬૪.૮૨% છે. જ્યારે સ્ત્રીઓમાં આ પ્રમાણ ૫૩.૭ % છે. એટલે ભારતમાં ૪૬ % સ્ત્રીઓ અભણ છે. (જુઓ સમાજશાસ્ત્ર, ગુ.રા.શા.પા.પૂ.મંડળ)

વર્તમાન સમયની સ્ત્રીઓ આવી ગંભીર પરિસ્થિતિનો સામનો કરીને પણ અભ્યાસ પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે તેમને ઘણીબધી સમસ્યાઓનો ભોગ બનવું પડતું હોય છે. દરેક

અભ્યાસક્રમમાં વ્યકિતને સમસ્યાઓ નડતી હોય છે. પણ તેમાય સ્ત્રીઓને કંઈક વિશેષ નડતરરૂપ થાય છે તે સમસ્યાઓ જાણવા સંશોધકે બી.એડ્.ની પ્રશિણાર્થી બહેનોની સમસ્યાઓનો અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો.

## અભ્યાસનાં હેતુઓ :–

૧. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની વ્યવસ્થાકિય સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૨. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની સામાજિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૩. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની શૈક્ષણિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૪. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની આર્થિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૫. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની સાંવેગિક સમસ્યાઓનો અભ્યાસ કરવો.

૬. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની જાતિય સમસ્યાઓનો અભ્યાસ કરવો.

## અભ્યાસના પ્રશ્નો :–

૧. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની વ્યવસ્થાકિય સમસ્યાઓ કેવી હશે ?

૨. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની સામાજિક સમસ્યાઓ કેવી હશે ?

૩. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની શૈક્ષણિક સમસ્યાઓ કેવી હશે ?

૪. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની આર્થિક સમસ્યાઓ કેવી હશે ?

૫. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની સાંવેગિક સમસ્યાઓ કેવી હશે ?

૬. બી.એડ્.ની પ્રશિક્ષણાર્થી બહેનોની જાતિય સમસ્યાઓ કેવી હશે ?

## ❖ અભ્યાસનું મહત્વ :–

૧. બી.એડ્.ના પ્રશિક્ષણાર્થીઓને પોતાનો સમસ્યાઓની બરાબર જાણ હોતી નથી. આ અભ્યાસ આવા પ્રશિક્ષણાર્થીઓને પોતાની સમસ્યાથી જ્ઞાત કરવા ઉપયોગી તેમજ માર્ગદર્શનરૂપ થઈ શકે છે અને તે સમસ્યાઓનાં નિવારણમાં પણ ઉપયોગી બનશે.

૨. બી.એડ્. કોલેજનું સંચાલન કરનાર સંચાલકો, આચાર્યો, અધ્યાપકો તેમજ રાજ્ય સરકારને પણ શૈક્ષણિક સુધારણાનાં સંદર્ભેમાં આ અભ્યાસ ઉપયોગી થઈ શકશે.

૩. જુદી–જુદી પ્રશિક્ષણ આપતી કોલેજોનાં વહીવટી રીતભાતો અને પ્રશિક્ષણાર્થીઓ પ્રત્યેનાં વલણમાં યોગ્ય ફેરફાર અંગે વિચારણામાં મદદરૂપ થઈ શકશે.

૪. પ્રશિક્ષણ બોર્ડનાં સભ્યોને આ અભ્યાસ યોગ્ય કાર્યવાહી કરવા પ્રેરી શકશે.

૫. શિક્ષણવિદો, સમાજસેવકો અને શિક્ષણક્ષેત્રે જોડાયેલ જવાબદાર વ્યકિતઓને

પ્રશિક્ષણાર્થીઓની સમસ્યાઓ કઈ–કઈ છે ? એ જાણવા આ અભ્યાસ ઉપયોગી બનશે.

### ❖ શબ્દોની વ્યવહારુ વ્યાખ્યા :–

**સમસ્યા :–** પ્રશિક્ષણાર્થીઓને પ્રશિક્ષણ દરમ્યાન નડતાં કેટલાંક પ્રશ્નો એટલે સમસ્યા, મુકત જવાબી પ્રશ્નાવલિમાં પોતાને નડતી સમસ્યાઓ પ્રત્યે આપેલો પ્રત્યુત્તર એટલે સમસ્યા.

### ❖ વ્યાપવિશ્વ અને નમૂનાપસંદગી :–

પ્રસ્તુત અભ્યાસનું વ્યાપવિશ્વ જસદણ તાલુકાની બી.એડ્. કોલેજો હતી. તેથી જસદણ તાલુકામાં આવેલી બી.એડ્. કોલેજોમાં અભ્યાસ કરતી વર્ષ ૨૦૧૧–૧૨ ની પ્રશિક્ષણાર્થી બહેનોનો સમાવેશ વ્યાપવિશ્વમાં કરવામાં આવ્યો હતો.

પ્રસ્તૂત અભ્યાસ માટે નમૂના તરીકે શ્રી મારૂતિ કેળવણી મંડળ સંચાલીત બી.એડ્. કોલેજ, જસાપરની વર્ષ ૨૦૧૧–૧૨ માં અભ્યાસ કરતી ૨૫ પ્રશિક્ષણાર્થીઓ બહેનોનો સમાવેશ કરવામાં આવ્યો હતો. જેની પસંદગી સહેતુક નમૂના પસંદગી દ્વારા કરવામાં આવી હતી.

### ❖ ઉપકરણ :–

પ્રસ્તુત અભ્યાસનાં ઉપકરણ માટે સંશોધકે બી.એડ્. કોલેજની પ્રશિક્ષણાર્થીઓની રૂબરૂ મુલાકાત લઈને વિદ્યાનોનું એકત્રીકરણ કર્યા હતા અને તે વિધાનો મેળવી તેમની નોંધ કરતા જઈ વિધાનોનું એકત્રીકરણ કર્યું હતુ. ત્યાબાદ એ વિધાનોમાંથી ઉપકરણનાં ઘટકો તારવવામાં આવ્યાં તે ઘટકોમાં બહેનોને વ્યવસ્થાપન, શૈક્ષણિક, સાંવેગિક, આર્થિક, જાતિય, સામાજિક સમસ્યા નડતરરૂપ બનતી હતી. તે બાબતને ધ્યાને લઈને સંશોધકે આ ઘટકોને આધારે પ્રશિક્ષણાર્થી બહેનોને નડતી સમસ્યાઓ માટે મુકતજવાબી પ્રશ્નાવલી તૈયાર કરવામાં આવી હતી. તે દ્વારા સંશોધક પ્રશિક્ષણાર્થી બહેનોની સમસ્યાઓ જાણ હતી.

### ❖ માહિતી એકત્રીકરણ:–

ગુજરાત રાજયમાં વિવિધ યુનિવર્સિટીઓની બી.એડ્. કોલેજોમાં અભ્યાસક્રમનું તાલીમી વર્ષ એક વર્ષનું કરવામાં આવે છે. એને જણાવી શકે તેથી તાલીમનો છ માસનો સમયગાળો પુર્ણ થતા પ્રશિક્ષણાર્થીઓને પડતી મુશ્કેલી અનુભવી શકે છે. આ માટે વર્ષ ૨૦૧૧–૧૨ માસ ડિસેમ્બરમાં આચાર્ય પાસે પૂર્વ મંજુરી મેળવીને પ્રશિક્ષણાર્થીઓ પાસેથી મુકતજવાબી પ્રશ્નાવલિઓ ભરાવવામાં આવી હતી. પ્રશિક્ષણાર્થીઓ કોઈપણ જાતની બીક, શરમ, કે સંકોચ રાખ્યા વગર પોતાની સમસ્યાઓ જણાવી શકે તે માટે ૪૫ મિનિટનો સમય આપવામાં આવ્યો હતો.

### ❖ માહિતીનું પૃથ્થકરણ:–

પ્રસ્તુત અભ્યાસમાં માહિતીનું વિશ્લેષણ ગુણાત્મક રીતે કરવામાં આવ્યું હતું. ગુણાત્મક

સંશોધનોમાં માહિતી એકત્ર થયા પછી તેમાંથી જે કેટલાંક સિદ્ધાંતો શોધવામાં આવ્યા હતા. અને તેનાં આધારે વિશ્લેષણ અને અર્થઘટન કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસમાં મુકતજવાબી પ્રશ્નાવલિમાં મેળવેલ પ્રત્યુતરનાં આધારે તારણો તારવવામાં આવ્યાં હતા.

## ❖ અભ્યાસનાં તારણો :–

૧. મોટા ભાગની પ્રશિક્ષણાર્થી બહેનો જણાવે છે કે, બી.એડ્. કોલેજમાં પોતાની પ્રેકટિસ ટિચિંગ થઈ શકે છે તેવી માધ્યમિક શાળા નથી.

૨. બી.એડ્. કોલેજમાં જરૂરી શૈક્ષણિક સાધનોનો અભાવ જોવા મળે છે. જેવા કે OHP, મલ્ટીમિડયા પ્રોજેકટર, જૂદા–જૂદા મોડેલ્સ, T.V. વગેરે.

૩. મોટા ભાગની બહેનોનાં લગ્ન થઈ ગયેલ હોવાથી બેવડી ભૂમિકા ભજવવામાં શિક્ષણને પુરતો ન્યાય આપી શકતી નથી.

૪. બી.એડ્. કોલેજનો અભ્યાસક્રમ માત્ર એક વર્ષનો હોવાથી પ્રશિક્ષણાર્થી બહેનો માટે શૈક્ષણિક કામગીરી બોજારૂપ લાગે છે.

૫. બી.એડ્. કોલેજમાં અભ્યાસનાં ભાગરૂપે દરેક પ્રવૃતિ ફરજિયાત હોય જેવી કે મથકેતર શિક્ષણ, ઈન્ટર્નશીપ, પ્રોજેકટ વર્ક, જૂદા–જૂદા ઉત્સવોની ઉજવણી, રમત–ગમત પ્રવૃતિ જે પ્રશિક્ષણાર્થી બહેનોને વધુ ખર્ચાણરૂપ લાગે છે.

૬. બી.એડ્ કોલેજની પ્રશિક્ષણાર્થીનીઓ એકબીજા સાથે તેમજ અન્ય જૂથ પ્રત્યે સાંવેગિક સમસ્યાઓ પણ અનુભવે છે તેવું દર્શાવે છે.

૭. જાતીય બાબત અંગેની સમસ્યા માટે બહેનોમાં તે બાબતે તટસ્થતાનું પ્રમાણ નોંધનીય છે.

**સંદર્ભસૂચિ**

જસાણી આર. જે "પૂર્વ પ્રાથમિક તાલીમાર્થીઓની સમસ્યાઓનો અભ્યાસ "સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટ – ૧૯૮૪

દવે તુલમશંકર "જામનગર જિલ્લાનાં અધ્યાપન મંદિરમાં તાલિમાર્થીઓને પ્રારંભિક તબકકે શૈક્ષણિક કાર્યક્રમોમાં અનુકુલન સાધવામાં પડતી મુશ્કેલીઓનું સર્વેક્ષણ કરી તેના નિવારણાર્થે સુચનો કરવા" એમ.એડ્ લઘુશોધ નિબંધ, ગુજરાત યુનિવર્સિટી – ૧૯૬૬.

સમાજશાસ્ત્ર ગુજરાત રાજ્ય પાઠય પુસ્તક મંડળ – ગાંધીનગર, ગુજરાત .